# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૨/૧૨૧૨૩ તા.૨૩/૦૬/૨૦૨૨

**પરિપત્ર-૨૭૨૬**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાનાં શિક્ષણ વિદ્યાશાખા હેઠળનાં બી.એડ્. અને એમ.એડ્. અભ્યાસક્રમની સેમેસ્ટર-૨ ની તા.૨૫/૦૬/૨૦૨૨ થી શરુ થનાર પરીક્ષાના સંદર્ભમાં જાહેર કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રોના આચાર્યશ્રીઓ અને સીનીયર સુપરવાઈઝરશ્રીઓને માન. કુલપતિશ્રીના માર્ગદર્શન અને આદેશ અનુસાર નીચે મુજબ આયોજન હાથ ધરવા અને કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

- યુનિવર્સિટી દ્વારા નિયુક્ત ઓબ્ઝર્વરશ્રી પ્રશ્નપત્રો લઈને આવે ત્યારે યોગ્ય વ્યવસ્થા થઈ શકે તે માટે જે તે પરીક્ષા કેન્દ્રના સીનીયર સુપરવાઈઝરશ્રીએ સવારના ૮:૩૦ કલાકથી પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર રહેવું.
- પ્રશ્નપત્રોનું બોક્સ યુનિવર્સિટીનાં ઓબ્ઝર્વરશ્રી, આચાર્યશ્રી અને સીનીયર સુપરવાઈઝરશ્રીએ CCTV થી સજ્જ એક્ઝામ કન્ટ્રોલ રૂમમાં પોતાની હાજરીમાં ખોલવું અને તેનું રોજકામ કરવું.
- પ્રશ્નપત્રોનાં પેકેટ સીનીયર સુપરવાઈઝરશ્રીએ જાતે પરીક્ષાખંડમાં પહોચાડવા
- જુનીયર સુપરવાઈઝરશ્રીએ પ્રશ્નપત્રોના પેકેટ જે તે પરીક્ષા ખંડમાં બે વિદ્યાર્થીઓને સાથે રાખી ખોલવું. તથા નિયત સમય પહેલા વિદ્યાર્થીઓને આપવા નહી.
- જુનીયર સુપરવાઈઝરશ્રીએ ૩૦ મિનીટ બાદ વધેલા પ્રશ્નપત્રો જે તે પેકેટમાં પાછા મૂકી દેવા અને સીનીયર સુપરવાઈઝરશ્રીએ તેને એકત્રિત કરી ઓબ્ઝર્વરશ્રીને જમા કરાવી દેવા.
- જો કોઈ વિદ્યાર્થી નિયત સમય પહેલા ઉત્તરવહી જમા કરાવવા માંગતો હોય તો તેની પાસેથી પ્રશ્નપત્ર પરત લઈ પરીક્ષાખંડ/પરીક્ષા કેન્દ્ર છોડવાની અનુમતિ આપવી.
- લખાયેલ ઉત્તરવહીઓ અને બ્લોક સુપરવાઈઝર રીપોર્ટ યોગ્ય રીતે પેક કરી ઓબ્ઝર્વરશ્રીને આપવા.
- સીનીયર/જુનીયર સુપરવાઈઝરશ્રીએ ઓબ્ઝર્વરશ્રીને કામગીરીમાં સહકાર આપવો.
- પરીક્ષાનાં દિવસોનું CCTV રેકોર્ડીંગ સાચવી રાખવું અને યુનિવર્સિટી માંગે ત્યારે પૂરું પાડવું.
- સમગ્ર પરીક્ષાઓ દરમિયાન પરીક્ષા, પરીક્ષા કેન્દ્ર અને યુનિવર્સિટીની ગરિમા અને મોભો જળવાય તેની તકેદારી રાખવી અને તે મુજબ આયોજન હાથ ધરવું.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- બી.એડ્. અને એમ.એડ્. અભ્યાસક્રમનાં સેમેસ્ટર-૨ ની પરીક્ષાના પરીક્ષા કેન્દ્રોના આચાર્યશ્રીઓ અને સીનીયર સુપરવાઈઝરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.